પોષણ અભિયાન અંતર્ગત ફ્લેક્ષી ફંડના
ઉપયોગ માટે સ્ટેટ લેવલ સેન્કક્ષનીંગ કમિટી
(SLSC) ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:આઈસીડી-૧૧૨૦૧૯-૧૮૬-બ-
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૪/૦૫/૨૦૧૯

આમુખ:-

(૧) ભારત સરકાર, નાણાં મંત્રાલય,(ખર્ચ વિભાગ), નવી દિલ્હીનો તા.૦૬/૦૯/૨૦૧૬ ના પત્ર ક્ર: ૫૫(૫)/ પીએફ-II/૨૦૧૧

(૨) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી નો તા.૨૬/૦૨/૨૦૧૮ ના પત્ર ક્ર: NNM/7/2017-WBP

(3) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી નો તા.૧૨/૦૪/૨૦૧૯ ના પત્ર ક્ર:PA/67/2019-CPMU

ઠરાવ:-

આમુખ-(૧) થી કેંન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત ફ્લેક્ષી ફંડા માટેની માર્ગદર્શિકા જાહેર કરેલ છે. સદર માર્ગદર્શિકા મુજબ રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાએ અલગ અલગ સમિતિઓની રચના કરવાની થાય છે. આમુખ-(૨) થી પોષણ અભિયાનની વહીવટી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. પોષણ અભિયાનની તબક્કાવાર અમલવારીમાં ગુજરાતના ૩૩ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા કોલોની ખાતે ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનો વિકાસ કરવા અંગે રાજ્ય સરકારની દરખાસ્ત અન્વયે પોષણ અભિયાનના ફ્લેક્ષી ફંડના ઉપયોગ માટેના સ્ટેટ લેવલ સેન્કસનીંગ કમિટી (SLSC) ની મંજુરી થી દરખાસ્ત કરવા આમુખ-(૩) થી જણાવવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાના અંતે પોષણ અભિયાનના ફ્લેક્ષી ફંડના ઉપયોગ માટે નીચે મુજબની સ્ટેટ લેવલ સેન્કક્ષનીંગ કમિટી (SLSC) ની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

...૨..

| ક્રમ | સમિતિના સભ્યો | હોદ્દો |
|---|---|---|
| ૧ | મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય | અધ્યક્ષ |
| ૨ | અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ | સભ્ય |
| ૩ | અગ્ર સચિવશ્રી, અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ | સભ્ય |
| ૪ | અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૫ | અગ્ર સચિવશ્રી અને કમિશ્નરશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| ૬ | અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૭ | અગ્ર સચિવશ્રી, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | સભ્ય |
| ૮ | સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ | સભ્ય |
| ૯ | સચિવશ્રી, આયોજન પ્રભાગ સામાન્ય વહિવટ વિભાગ | સભ્ય |
| ૧૦ | સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્ય |
| ૧૧ | મહિલા અને બાળ વિકાસ વિભાગના ભારત સરકારશ્રીના પ્રતિનિધિ | સભ્ય |
| ૧૨ | મહિલા અને બાળ વિકાસ વિભાગના ભારત સરકારશ્રીના મિશન ડાયરેક્ટરશ્રી પોષણ અભિયાન, નવી દિલ્હીના પ્રતિનિધિ | સભ્ય |
| ૧૩ | નિતિ આયોગના ભારત સરકારશ્રીના પ્રતિનિધિ | સભ્ય |
| ૧૪ | ફૂડ અને ન્યુટ્રીશન બોર્ડના પ્રતિનિધી | સભ્ય |
| ૧૫ | એમ.એસ. યુનિવર્સિટીના ન્યુટ્રીશન વિભાગના વડા | સભ્ય |
| ૧૬ | નિયામકશ્રી, આઇસીડીએસ, | સભ્ય |
| ૧૭ | મિશન ડાયરેક્ટરશ્રી, પોષણ અભિયાન (એન.એન.એમ) | સભ્ય સચિવ |

સમિતિની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે સમિતિના અધ્યક્ષ અન્ય સભ્યોની સહવરણી કરી શકશે અથવા જરૂરી જણાય તેવી વ્યક્તિઓને ખાસ અતિથિ તરીકે બેઠકમાં આમંત્રિત કરી શકશે.

સમિતિના કાર્યો:

૧. પોષણ અભિયાન અંતર્ગત કુલ ખર્ચના ૭% ખર્ચ ફ્લેક્ષી ફંડમાંથી કરવાની ભારત સરકારશ્રીની જોગવાઈ મુજબ મંજુરી આપવાની રહેશે.

૨. પોષણ અભિયાન અંતર્ગતની સ્ટેટ લેવલ સેન્કસનીંગ કમિટી (SLSC) એ કન્વર્ઝન્સ એકશન પ્લાનની મંજુરી આપવાની રહેશે.

3. પોષણ અભિયાન અંતર્ગતના વિવિધ ઘટકો પૈકીની એક ઈનોવેશન પ્રવૃત્તિ અગત્યનું ઘટક હોઈ તમામ જિલ્લાઓ પાસેથી ઈનોવેશન માટે નવતર પ્રવૃત્તિઓના પાઈલોટ પ્રોજેક્ટની મંજુરી આપવાની રહેશે.

૪. તેઓ યોજનાની કામગિરીની પ્રગતિની સમીક્ષા કરશે અને સંલગ્ન વિભાગો વચ્ચે મજબુત સંકલન અને કન્વર્ઝન્સની કામગિરી કરશે તથા યોજનાના અમલીકરણને લગતી બાબતો પર સલાહ આપશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મુખ્ય સચિવશ્રીની તા.૦૪/૦૫/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

ARChristian
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સમિતિના તમામ સભ્યો
સચિવાલયના તમામ વિભાગો
મહિલા અને બાળ વિકાસ વિભાગના બધાજ ખાતાના વડાઓ
અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
જિલ્લા વિકાસ અધિકારીશ્રી સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
સિલેક્ટ ફાઇલ